VOTE 05 દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૪ ૨૫ એપ્રિલ, ૨૦૧૪, શુક્રવાર; ચૈત્ર વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજમાં સ્નાતક વિદ્યાર્થીઓ માટે જોબફેરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલ ભોળાભાઈ પટેલ બી.બી.એ કોલેજમાં સ્નાતક વિદ્યાર્થીઓ માટે જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા.

રાજ્યમાં શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ ખુબ જ છે. આ બેરોજગારોને રોજગારી આપવામાં સરકાર પણ નિષ્ફળ નિવડી છે. ત્યારે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સેક્ટર-૨૩ સ્થિત ભોળાભાઈ બીબીએ કોલેજ ખાતે સ્નાતક વિદ્યાર્થીઓ માટે જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જોબફેરમાં કોલેજના ભૂતપુર્વ ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી કોટક મહિન્દ્રા અને રેકોર્ડ ફલો કંપની દ્વારા પંસદગી કરવામાં આવી હતી. કંપની વિદ્યાર્થીઓને માસિક ૧૩૦૦૦થી ૧૫૦૦૦ના પગાર ચૂકવશે. યુવાનોને બેરોજગારીની સમસ્યા સતાવી રહી છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે જોબ ફેરનું આયોજન એ રણમાં મીઠી વિરડી સમાન થઈ ઉઠ્યું છે. આ પ્રસંગે ડૉ. રમાકાન્ત પુષ્ટી, ડૉ. જયેશ તન્ના અને પ્રો. માર્ગી દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.